# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આતંકી પ્રવૃત્તિઓને આયોજનબદ્ધ વ્યૂહરચના ગણાવી

2) પ્રધાનમંત્રીએ ગુજરાતનાં ગાંધીનગરથી 5 હજાર 536 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બીજા નાગરિક સન્માન સમારોહમાં 68 પ્રતિષ્ઠિત હસ્તીઓને પદ્મ પુરસ્કારો એનાયત કર્યા.

4) **સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળે સિંગાપોરના વિદેશ મંત્રી, વ્યાપારી નેતાઓ સહિતના લોકો સાથે વાતચીત કરી**

5) ભારતના ગુલવીર સિંઘે એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ‘આતંકી પ્રવૃત્તિઓ હવે પ્રૉક્સી વૉર નહીં, પણ આયોજનબદ્ધ વ્યૂહરચના છે. તેથી તેનો જવાબ પણ એ જ રીતે અપાશે. ભારતે આતંકવાદને નેસ્તનાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે અને આ માટે દેશ કટિબદ્ધ છે. ગાંધીનગરમાં શહેરી વિકાસ વર્ષના 20 વર્ષની ઉજવણી સમારોહ અને 5 હજાર 536 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાવતા શ્રી મોદીએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂરને હવે સૈન્યબળ નહિ, 140 કરોડના જનબળથી આગળ વધારવાનું છે. તેમણે ઉમેર્યું કે સમગ્ર દેશમાં સિંદૂરિયા સાગર અને દેશભક્તિનો માહોલ છવાયો છે.

(બાઇટ: PM MODI ON PATRIOTISM)

૧૯૬૦ની સિંધુ જળ સંધિનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં બંધોની સફાઈ કે કાંપ કાઢવામાં નહીં આવે તે અંગે સંમતિ થઈ હતી. કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ કહ્યું, ભારત હવે ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.

(બાઇટ: PM MODI ON ECONOMY)

શ્રી મોદીએ વિદેશી ચીજવસ્તુઓ ન વેચવા વેપારીઓને અપીલ કરી હતી.

(બાઇટ: PM MODI ON SWADESHI)

શ્રી મોદી એ કહ્યું, ભારત “વસુધૈવ કુટુમ્બકમ”માં માને છે, જે કોઇની સાથે દુશ્મનાવટ નહિ, પરંતુ પ્રગતિ કરીને વૈશ્વિક સુખાકારીમાં યોગદાન આપવા માંગે છે.

# MANOHAR LAL GANDHINAGAR

પ્રધાનમંત્રી મોદીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી આજે શહેરી વિકાસ વર્ષના 20 વર્ષની ઉજવણીના સમારોહનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી મનોહરલાલ ખટ્ટરે ગુજરાતનાં શહેરોને શહેરી વિકાસની નવી પરિભાષા બન્યા હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, વર્ષ 2047 સુધીમાં દેશના 87 કરોડ એટલે કે, 50 ટકા વસતિ શહેરોમાં સ્થળાંતરિત થવાનો અંદાજ છે.

શ્રી ખટ્ટરે કહ્યું, સ્માર્ટ સિટી મિશન હેઠળ 100 શહેરને વિકસાવવાનો સંકલ્પ, શહેરોમાં પ્રદૂષણ ઘટાડવા ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના, શહેર સૌંદર્યકરણની યોજના તેમજ શહેરની આસપાસના વિસ્તારોને પણ શહેરો જેવી જ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા જેવા અનેકવિધ નવતર પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે.

# EVE PREZ -PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત બીજા નાગરિક સન્માન સમારોહમાં વર્ષ 2025 માટે 68 પ્રતિષ્ઠિત હસ્તીઓને પદ્મ પુરસ્કારો એનાયત કર્યા. તેમાંથી ત્રણને પદ્મ વિભૂષણ, 9ને પદ્મ ભૂષણ અને 56 હસ્તીઓને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જગદીશ સિંહ ખેહર અને કુમુદીની રજનીકાંત લાખિયાને જાહેર બાબતો અને કલાના ક્ષેત્રમાં યોગદાન બદલ પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા છે જ્યારે પ્રખ્યાત લોક ગાયિકા શારદા સિંહાને મરણોત્તર પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા છે. પદ્મ ભૂષણ મેળવનારાઓમાં જતીન ગોસ્વામી, કૈલાશ નાથ દીક્ષિત, સાધ્વી ઋતંભરાનો સમાવેશ થાય છે જ્યારે પ્રખ્યાત અર્થશાસ્ત્રી બિબેક દેબરોયને મરણોત્તર આ પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. પદ્મશ્રી મેળવનારાઓમાં મંદા કૃષ્ણ મદિગા, ડૉ. નીરજા ભટલા, સંત રામ દેશવાલ, સૈયદ ઐનુલ હસન, પ્રશાંત પ્રકાશ અને નાગેન્દ્ર નાથ રોયનો સમાવેશ થાય છે.

# MUMBAI-AMIT SHAH-TEMPLE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સામાજિક, શૈક્ષણિક, તબીબી અને ધાર્મિક ક્ષેત્રોમાં છેલ્લા 150 વર્ષોમાં માધવબાગના યોગદાનની પ્રશંસા કરી. મુંબઈના માધવબાગમાં શ્રી લક્ષ્મી નારાયણ મંદિરની 150મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે, તેમણે કહ્યું કે બ્રિટિશ શાસન દરમિયાન સ્થાપિત આ સંસ્થાએ દેશના ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે માધવબાગને એક એવા કેન્દ્ર તરીકે પ્રકાશિત કર્યું જે બાળકોમાં તેમની માતૃભાષા સાથે જોડાણને પ્રોત્સાહન આપે છે અને તેના ટ્રસ્ટીઓને મુંબઈના હૃદયમાં ગુજરાતી અને મારવાડી સંસ્કૃતિના કેન્દ્ર તરીકે વિકસાવવા વિનંતી કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# NEW- ALL PARTY DELEGATION

ભારતે વિવિધ દેશોની મુલાકાત લઈને આતંકવાદને પાકિસ્તાનના સમર્થનનો ખુલાસો કરવાનું ચાલુ રાખ્યું છે. JDUના સાંસદ સંજય ઝાના નેતૃત્વમાં એક સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળે સિંગાપોરના વિદેશ મંત્રી, સાંસદોના જૂથ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળો અને વ્યાપારી નેતાઓ સાથે વાતચીત કરી. જૂથે પુનરોચ્ચાર કર્યો કે ભારત એક શાંતિપ્રિય રાષ્ટ્ર છે અને પાકિસ્તાન તરફથી કોઈપણ આતંકવાદી કૃત્યને યુદ્ધનું કૃત્ય ગણવામાં આવશે. સાંસદ સંજય કુમાર ઝાએ કહ્યું કે ભારતે ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સને પાકિસ્તાનને બ્લેક લિસ્ટમાં પાછું લાવવા વિનંતી કરી છે.

(બાઇટ: સંજય કુમાર ઝા, સાંસદ)

DMK સાંસદ કનિમોઝી કરુણાનિધિના નેતૃત્વવાળા અન્ય એક પ્રતિનિધિમંડળે સ્લોવેનિયન રાષ્ટ્રીય પરિષદના પ્રમુખ માર્ક લોટ્રિચને મળ્યું. પ્રતિનિધિમંડળે વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવામાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે સ્લોવેનિયાની ભૂમિકા અને આતંકવાદની સ્પષ્ટ નિંદાની પ્રશંસા કરી.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં અન્ય એક પ્રતિનિધિમંડળે કુવૈતમાં રહેતા ભારતીય સમુદાયને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે પાકિસ્તાને IMF, અમેરિકા અને ખાડી દેશો પાસેથી મળેલી સહાયનો દુરુપયોગ કર્યો છે. ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે આજે ફ્રાન્સના પેરિસમાં પત્રકારો સાથે વાતચીત કરી. શ્રી પ્રસાદે કહ્યું કે આતંકવાદના મુદ્દા પર ભારતનો દૃષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ છે અને સમગ્ર વિશ્વએ એક અવાજમાં બોલવાની જરૂર છે.

# ASIAN ATHLETICS

એથ્લેટિક્સમાં, ભારતના ગુલવીર સિંહે દક્ષિણ કોરિયાના ગુમીમાં એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની 10 હજાર મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તેણે 28 મિનિટ, 38.63 સેકન્ડનો સમયમાં દોડ પૂર્ણ કરી ટોચનું સ્થાન મેળવ્યું છે. અગાઉ, સર્વિન સેબાસ્થિયને એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતની મેડલ ટેલીમાં ખાતું ખોલાવ્યું હતું. સર્વિને આજે પુરુષોની 20 કિલોમીટર રેસ વોકમાં 1 કલાક, 21 મિનિટ અને 13.6 સેકન્ડમાં સમય દોડ પૂર્ણ કરી કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો સહિત દેશના પશ્ચિમ કિનારા પર ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આકાશવાણી સમાચાર સાથે વિશેષ વાતચીત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામણી એ જણાવ્યું હતું કે મુંબઈમાં હાલ ભારે વરસાદ ઓછો થયો છે, પરંતુ આ પ્રદેશમાં હળવો થી મધ્યમ વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગે કેરળ અને કર્ણાટક માટે રેડ એલર્ટ અને ઉત્તરપૂર્વ ભારત માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.